# મુંબઈના ૨૩૬ વોર્ડની ફેરરચનાનો મુસદ્દો અઠવાડિયામાં થશે તૈયાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લોકસંખ્યાને આધારે મુંબઈ મહાનગરપાલિકાના નગરસેવકોની સંખ્યા વધારવાને રાજ્ય સરકારે મંજૂરી આપી દીધી છે, તેને લગતો ગર્વમેન્ટ રિઝોલ્યુશન મુંબઈ મહાનગરપાલિકાને મળ્યો છે. તે મુજબ હવે ૨૩૬ વોર્ડની ફેરરચનાનો મુસદો(ડ્રાફ્ટ) તૈયાર કરવામાં આવી રહ્યો છે.

આ મસુદો અઠવાડિયામાં રાજ્યના ચૂંટણી પંચને મોકલવામાં આવશે. ત્યારબાદ વોર્ડના રિર્ઝવેશનને લગતી લોટરી અને તેના પર વાંધા-વચકા અને સૂચના મગાવવાની પ્રક્રિયા ચૂંટણી પંચ મારફત થશે. આ માટે વધુ એક મહિનાનો સમય લાગે એવી શકયતા હોઈ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં પણ વિલંબ થવાની શકયતા છે.

મુંબઈ મહાનગરપાલિકામાં હાલમ ૨૨૭ વોર્ડ છે, તેમાં હવે નવ વોર્ડ વધી જવાના છે. છેલ્લા અમુક વર્ષોમાં મુંબઈની લોકસંખ્યા વધવાને કારણે એ આધારે આ વોર્ડની ફેરરચના કરવામાં આવવાની છે.

વોર્ડની સંખ્યા વધારવાનો નિર્ણય રાજ્યના મંત્રી મંડળની બેઠકમાં નવેમ્બર મહિનાના પહેલા અઠવાડિયામાં લેવામાં આવ્યો હતો.

જોકે લગભગ એક મહિના બાદ તે બાબતની અધિસૂચના બહાર પાડવામાં આવી છે. તેથી હવે તમામ વોર્ડનું ફરી સીમાંકન કરીને સુધારિત મસુદો તૈયાર કરવામાં આવશે. લોકસંખ્યાને આધારે ફેરરચના કર્યા બાદ પૂર્વ ઉપનગરમાં ચાર તો પશ્ચિમ ઉપનગરમાં પાંચ વોર્ડ વધવાના છે.

આ ફેરરચના બાબતે રાજયના ચૂંટણી પંચ તરફથી નિયમાવલી મહાનગરપાલિકાનો મોકલવામાં આવવાની છે. તે મુજબ તૈયાર કરવામાં આવેલો મસુદો રાજયના ચૂંટણી પંચને એક અઠવાડિયામાં મોકલવામાં આવશે.

વોર્ડની સુધારિત રચના કરવી અને તેના પર વાંધા અને સૂચનો વગેરે માટે ઓછામાં ઓછો ૨૫થી ૩૦ દિવસનો સમય લાગશે. તેથી વોર્ડની રચના થયા બાદ વોર્ડની રિર્ઝવેશનની પ્રક્રિયા માટે એક મહિનાનો સમય લાગે એવી શકયતા છે. તેથી ફેબ્રુઆરી ૨૦૨૨માં અપેક્ષિત પાલિકાની ચૂંટણી મુલતવી રખાય એવી શકયતા છે.

કોવિડની પાર્શ્વભૂમી પર ૨૦૨૧માં અપેક્ષિત જનગણના થઈ શકી નથી. તેથી ૨૦૧૧ની જનગણનાના આધારે વોર્ડની ફેરરચના કરવામાં આવવાની છે. ચૂંટણી માટે મતદારોની યાદી તૈયાર કરવાથી લઈને સેન્ટરોની તૈયારીનું કામ પાલિકા મારફત ચાલી રહ્યું છે. ■

SPECIALISED IN BUYING & SELLING
Bungalows / Wadi/ Farmhouses/
Agricultural and Non Agricultural Land/
Estates
at Gholvad/ Bordi / Dahanu / Daman / Udvada /
Khandala / Lonavala / Karjat
Best Location / Best Amenities /
Best Price
NO BROKERS
Contact:
NEVILLE
9892248488

# વરલીની હોટેલમાં વેડિંગ દરબાર



ધ 'ક્વીન ઑફ ડ્રેપ્સ' પ્રખ્યાત ફેશન ડિઝાઇનર, ભારતીય જનતા પક્ષના સંવાદદાતા અને સામાજિક કાર્યકર **'શાઇના નાના ચુડાસમા'**

આપને **'સોમવાર, તા.૬ ડિસેમ્બરના રોજ- ધ વેડિંગ દરબાર, ગ્રેટ રૂમ, ફોર સિઝન્સ હોટેલ, વરલી** ખાતે પધારવા આમંત્રણ આપે છે.

આ **'લક્ઝરી બ્રાઈડલ એન્ડ ટ્રુસો એક્ઝિબિશન'**ના યજમાન છે **સિગ્નેચર એક્સ્પો ઍન્ડ અરાઝ શોઝ.**

આવો અને ખરીદો **પ્રશંસા પામેલા ફેશન ડિઝાઇનરો, સેલિબ્રિટી ડિઝાઇનરોનાં** વસ્ત્રો અને ઘરેણાં જેમાં દિલ્હી, કોલકાતા, જયપુર, બેંગ્લોર, સુરત, લખવઊ, કાશ્મીર, મુંબઇના ટોચના વસ્ત્ર ઉત્પાદનો, જ્વેલરી, લક્ઝરી ગીફ્ટ તેમ જ સજાવટની અનેક આઇટમો જોવા મળશે.

વસ્ત્ર વિભાગમાં તમને જોવા મળશે **સપના** ડિઝાઇન સ્ટુડિયોના ગ્રાહકોની જરૂરિયાત પ્રમાણેના લક્ઝરી બ્રાઇડલ વૅર.

**નોના'ઝ એક્સક્લુઝિફ** - સમકાલીન અને ઉત્કૃષ્ટ એથનિક વૅર.

**પર્ફેક્શન હાઉસ,** વિવાન ક્રિયેશન્સ, ક્રિયેટિવ હબ, વિરાચી, કોલકોતાના રીટા સિંઘાનિયા રચિત બ્રાઇડલ પોશાક, **ટૉક્સિક** ફ્યુઝન વૅર અને સમજુ નવવધૂ માટે **પરમાન દ્વારા વસ્ત્રમ,** પ્રખ્યાત લખનવી ડિઝાઇનર **સીમા મહેરાનું સૉલ અફેર, સીયા ખેમલાની ઇશ્ન્યાનું પર્પલ બ્લોઝમ, પ્રિયાનું હાઉતે કૉચર.**



**ત્રિરંગા ઊંચા રહે હમારા:** આજે 'નેવી ડે'ના ઉજવણીના છેલ્લા દિવસે એક વિશાળ રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવામાં આવશે. આ ધ્વજ ૭૦ મીટર લાંબો અને ૪૮ મીટર પહોળો છે. આ સૌથી મોટો તિરંગો હોવાનો દાવો કરાય છે. (તસવીર: જયપ્રકાશ કેળકર)

# ફ્લેટમાંથી ₹ ૧૫ લાખનાં દાગીના-રોકડ ચોરાયા: ત્રણ નેપાળી ઝડપાયા

પાલઘર: વસઇમાં ફ્લેટનાં તાળાં તોડીને દાગીના અને રોકડ સહિત રૂ. ૧૫ લાખની મતા ચોરવા બદલ ત્રણ નેપાળીની ધરપકડ કરવામાં આવી હતી.

ડેપ્યુટી પોલીસ કમિશનર (વસઇ) સંજય પાટીલે જણાવ્યું હતું કે ગુનો આચર્યા બાદ આરોપીઓ નેપાળ ભાગી છૂટવાની તૈયારીમાં હતા, પણ પોલીસે તેમને ઝડપી પાડ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર વસઇના બાબોલા નાકા ખાતે ૨૮ નવેમ્બરે ચોરીની ઘટના બની હતી. ફ્લેટમાં રહેતો પરિવાર બહાર ગયો હતો ત્યારે આરોપીઓ તાળાં તોડીને ફ્લેટમાં ઘૂસ્યા હતા અને હાથફેરો કરી ફરાર થયા હતા. વસઇ પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કર્યો હતો અને આરોપીઓને પકડવા ચાર ટીમ તૈયાર કરી હતી. પોલીસે ત્યાર બાદ મળેલી માહિતીને આધારે આરોપીઓનો સુરત અને ગોધરા માર્ગ પર ૨૫૦ કિ.મી. સુધી પીછો કર્યો હતો અને બાદમાં તેમને તાબામાં લીધા હતા. આરોપીની ઓળખ સુરેન્દ્ર અમરિત બોગાતી (૪૭), ઝપથસોપ શરબજીત સોફ (૪૫) અને શેહબહાદુર ફુલબહાદૂર શાહી (૩૨) તરીકે થઇ હતી. પોલીસે તેમની પાસેથી ૧૮૦ ગ્રામ સોનાના દાગીના, આઠ કિલો ચાંદીના દાગીના, ૧૦ ઘડિયાળ તથા અન્ય મતા જપ્ત કરી હતી. ઇમારતના જે ફ્લેટમાં ચોરી થઇ હતી ત્યાં આરોપી સુરેન્દ્ર બોગાતી છેલ્લાં છ વર્ષથી સિક્યુરિટી ગાર્ડ તરીકે કામ કરતો હતો. (પીટીઆઇ) ■

# દાદીની હત્યા કરીને ફરાર થયેલો પૌત્ર સાત વર્ષ બાદ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પવઇ પોલીસ સ્ટેશનની હદમાં રહેતી ૭૫ વર્ષની દાદીની હત્યા કરીને ફરાર થયેલા પૌત્રને ક્રાઇમ બ્રાન્ચે કલ્યાણથી ઝડપી પાડ્યો હતો. પૌત્રના બીજા લગ્ન સામે દાદીએ વિરોધ કરતા અને લગ્ન થયા બાદ બીજી પત્નીને દાદી ભડકાવતી હોવાથી ગળું દબાવીને પૌત્રે તેની હત્યા કરી હોવાનું પૂછપરછમાં જાણવા મળ્યું હતું.

ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૧૦ના અધિકારીઓએ હત્યાના કેસમાં ઝડપી પાડેલા પૌત્રની ઓળખ પ્રદીપ તુકારામ સોનાવણે (૩૮) તરીકે થઇ હોઇ તે કલ્યાણમાં નાંદિવલી ખાતે રહેતો હતો. આરોપીને વધુ તપાસ માટે પવઇ પોલીસને હવાલે કરવામાં આવ્યો હતો.

અંધેરી પૂર્વમાં મિલિટરી રોડ પર આવેલી ગણપત ચાલની રૂમમાં રહેતી શશિકલા વાઘમારે (૭૫)નો કોહવાયેલો મૃતદેહ ૧૩ જૂન, ૨૦૧૪ના રોજ મળી આવ્યો હતો. શશિકલાનું ગળું દબાવીને હત્યા કરવામાં આવી હતી અને તેના શરીર પરના દાગીના ગાયબ હતા. પવઇ પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને તપાસ આદરી હતી.

પોલીસે મૃતકના સગાંવહાલાંની પૂછપરછ પણ કરી હતી. તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે મૃતકનો પૌત્ર પ્રદીપ ઘટના બાદ ગાયબ છે.

પોલીસે પ્રદીપનું સોશિયલ મીડિયા એકાઉન્ટ તપાસ્યું હતું, પણ તેના વિશે કોઇ માહિતી મળી નહોતી. દરમિયાન કેટલાક દિવસ પહેલા પ્રદીપે સોશિયલ મીડિયા મારફત સગાનો સંપર્ક સાધ્યો હોવાની માહિતી ક્રાઇમ બ્રાન્ચને મળતાં પ્રદીપનું સોશિયલ મીડિયા એકાઉન્ટ ફરી તપાસાયું હતું અને પોલીસને તેનો ફોટો મળી આવ્યો હતો. પોલીસને ત્યાર બાદ જાણ થઇ હતી કે પ્રદીપ કલ્યાણમાં રહે છે. આથી પોલીસ ટીમે ખડકપાડા, ચિકનઘર, દ્વારલી, કોલસેવાડી, આધારવાડી વિસ્તારમાં તેની શોધ આદરી હતી અને આખરે તેને નાંદિવલીથી તાબામાં લેવાયો હતો. ■

# હડતાળિયા એસટી કર્મચારીઓ પર મેસ્મા?

## અનિલ પરબે આકરી કાર્યવાહીની ચિમકી ઉચ્ચારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે એસટીના હડતાળિયા કર્મચારીઓ પર મેસ્મા લગાડવાની ચિમકી ઉચ્ચારી છે. શુક્રવારે સાંજે પત્રકારોને સંબોધતાં રાજ્યના પરિવહન ખાતાના પ્રધાન અનિલ પરબે જણાવ્યું હતું કે લોકોની દૈનિક જરૂરિયાતોને પૂરી કરવા માટે એસટી પરિવહન ચાલુ રહેવી આવશ્યક છે અને આંદોલનને કારણે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડતો હોવાથી તેમની સામે મેસ્મા લગાવી શકાય છે, કેમ કે એસટી જીવનાવશ્યક સેવામાં આવે છે. પરિવહન ખાતાએ રાજ્યના કાનૂની નિષ્ણાતો સાથે આ મુદ્દે ચર્ચા-વિચારણા કરી છે અને હવે મુખ્ય પ્રધાન અને નાયબ મુખ્ય પ્રધાનની સાથે ચર્ચા કર્યા બાદ હડતાળિયા એસટી કર્મચારીઓ સામે મેસ્મા લગાવવાનો નિર્ણય લેવામાં આવશે, એમ અનિલ પરબે જણાવ્યું હતું.

અનિલ પરબે વધુ એક વખત કર્મચારીઓને હડતાળ સમેટી લેવાની અપીલ કરી હતી અને હડતાળ પાછી ખેંચી લેવામાં આવે તો અત્યાર સુધી કરવામાં આવેલી કાર્યવાહી પાછી ખેંચી લેવાની ખાતરી પણ આપી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે હડતાળિયા એસટી કર્મચારીઓનો કોઈ નેતા નથી. કેટલાક લોકો કર્મચારીઓની ઉશ્કેરણી કરે છે. આવા તત્વો સામે આકરા હાથે કામ લેવામાં આવશે. અહીં ઉલ્લેખનીય છે કે અત્યાર સુધીમાં ૯,૦૦૦ એસટી કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ■

# મહાપરિનિર્વાણ દિન નિમિત્તે ચૈત્યભૂમિ ફરતે ટ્રાફિક પર નિયંત્રણો

મુંબઈ: ૬ ડિસેમ્બરે ડો. બી. આર. આંબેડકરના મહાપરિનિર્વાણ દિન નિમિત્તે દાદરમાં ચૈત્યભૂમિ ખાતે હજારો અનુયાયીઓ ઉમટી પડવાની શક્યતાને ધ્યાનમાં રાખીને પોલીસે શનિવારથી ટ્રાફિક પર નિયંત્રણો અને ડાઇવર્ઝન કરવાનો નિર્ણય લીધો છે.

પોલીસના જણાવ્યા અનુસાર લોકો શનિવારથી ડો. આંબેડકરને શ્રદ્ધાંજલિ આપવા માટે આવવાનું શરૂ કરશે અને તેઓ મોટે ભાગે મંગળવાર સુધી અહી રહેશે.

ચૈત્યભૂમિ ખાતે મોટી સંખ્યામાં એકઠા થનારા લોકોને ધ્યાનમાં લેતાં આ માર્ગ પરનો ટ્રાફિક અન્ય માર્ગ પર વાળવામાં આવશે. ટ્રાફિકની અવરજવરમાં કોઇ અવરોધ ન આવે તે માટે શનિવાર બપોરથી મંગળવાર સુધી અમુક નિયંત્રણો લાદવામાં આવશે, એમ પોલીસે કહ્યું હતું.

હંગામી ફેરફાર તરીકે દાદર વેસ્ટમાં એસ.કે. બોલે માર્ગ સિદ્ધિવિનાયક જંકશનથી હનુમાન મંદિર સુધી વન-વે રહેશે અને મંદિર સુધી પ્રવેશ બંધ રહેશે. ભવાની શંકર રોડ હનુમાન મંદિરથી અથવા દાદર કબૂતરખાનાથી ગોખલે રોડ દક્ષિણ સાથે તેના જંકશન સુધી વન-વે કરી નાખવામાં આવશે. ગોખલે રોડ દક્ષિણથી ગોપીનાથ ચવાણ ચોક થઇને બેસ્ટની બસ, ઇમરજન્સી કે યુટિલિટી સેવા સિવાય કોણ પણ વાહનને પ્રવેશ આપવામાં આવશે નહીં.

સિદ્ધિવિનાયક જંકશનથી હિન્દુજા હોસ્પિટલ સુધી એસવીએસ રોડ તમામ વાહનો માટે બંધ રહેશે અને સ્થાનિક રહેવાસીઓ હિન્દુજા હોસ્પિટલથી પાંડુરંગ નાઇક માર્ગ જંકશન સુધી રોડ નંબર-પાંચ સુધી જઇ શકશે.

બેસ્ટની બસ સિવાય તમામ ભારે વાહનો અને માલવાહક વાહનોને સેનાપતિ બાપટ માર્ગ તરફ મોરી રોડ થકી માહિમ જંકશન ડાઇવર્ટ કરાશે.

ચૈત્યભૂમિની આસપાસ આશરે આઠ રસ્તા શુક્રવારથી શનિવાર સુધી 'નો પાર્કિંગ ઝોન' રહેશે, જ્યારે માહિમ અને દાદરમાં સેનાપતિ બાપટ માર્ગ અને રેતી બંદર (માહિમ) સહિત નવ જગ્યા પાર્કિંગ માટે રખાઇ છે. (પીટીઆઇ)■

# ડોંબિવલી ગેન્ગરેપ કેસ: ૩૩ આરોપી સામે આરોપનામું દાખલ

થાણે: ડોંબિવલીમાં પંદર વર્ષની કિશોરી પર સામૂહિક બળાત્કાર ગુજારવાના કેસમાં પોલીસે ચાર સગીર સહિત ૩૩ આરોપી સામે કોર્ટમાં આરોપનામું દાખલ કર્યું હતું.

માનપાડા પોલીસ સ્ટેશનમાં ૨૨ સપ્ટેમ્બરે આ પ્રકરણે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને પોલીસે કલ્યાણ સેશન્સ કોર્ટમાં આરોપનામું દાખલ કર્યું હતું. ૮૮૫ પાનાંના આરોપનામામાં ૧૨૨ સાક્ષીદારોનાં નિવેદનનો સમાવેશ છે.

આરોપનામામાં જણાવાયું છે કે આરોપીઓએ ૨૯ જાન્યુઆરીથી ૨૨ સપ્ટેમ્બર દરમિયાન પીડિતા પર ડોંબિવલી, બદલાપુર, મુરબાડ, રબાળે સહિત વિવિધ સ્થળે સામૂહિક બળાત્કાર ગુજાર્યો હતો. ૩૩ આરોપીમાંથી ચાર સગીર જામીન પર મુક્ત છે, જ્યારે ૨૯ જ્યુડિશિયલ કસ્ટડીમાં છે. (પીટીઆઇ)■

# ₹ ૧૨ કરોડના ઇનપુટ ટેક્સ ક્રેડિટ ફ્રોડ પ્રકરણે એકની ધરપકડ

થાણે: જીએસટી (સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ) થાણે કમિશનરેટના અધિકારીઓએ રૂ. ૧૨ કરોડના ઇનપુટ ટેક્સ ક્રેડિટ ફ્રોડ પ્રકરણે એક જણની ધરપકડ કરી હતી.

લોખંડનો કાટમાળ અને ભંગારનો વેપાર કરતી કંપની વિરુદ્ધ આ પ્રકરણે ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. તપાસમાં જાણવા મળ્યું હતું કે કંપનીએ સીજીએસટી એક્ટ, ૨૦૧૭નું ઉલ્લંઘન કરીને કોઇ પણ સામાન અથવા સેવાઓ ન લેતાં રૂ. ૧૨ કરોડની ઇનપુટ ટેક્સ ક્રેડિટ પચાવી પાડી હતી. (પીટીઆઇ)■

ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

જન્મ: તા. ૨૮.૦૨.૧૯૫૨



અરિહંતશરણ તા. ૩૦.૧૧.૨૦૨૧

જસપરા નિવાસી હાલ અંધેરી સ્વ. તારાબેન છોટાલાલ હરીચંદ શાહના સુપુત્ર જીતેન્દ્રભાઈ (જીતુભાઈ)ના ધર્મપત્ની

સ્વ. દમયંતીબેન જીતેન્દ્રભાઈ શાહ

ના અવસાન નિમિત્તે અઢારપાપસ્થાનકની ભાવયાત્રા તા. ૫.૧૨.૨૦૨૧નાં રોજ રવિવારે બપોરે ૨:૩૦ થી ૪:૩૦ રાખેલ છે.

સ્થળ

તુલીપ સ્ટાર હોટેલ, જુહુ તારા રોડ, વિલેપાર્લે જુહુ બીચની બાજુમાં, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ.

પતિ : જીતેન્દ્ર છોટાલાલ શાહ
દિયર-દેરાણી : દક્ષાબેન રજનીભાઈ શાહ, પ્રીતીબેન સંદીપભાઈ શાહ
પુત્ર-પુત્રવધુ : રૂચિકા તેજસ શાહ
ભત્રીજા-ભત્રીજાવહુ : રિશીત - પૂજા, દેવાંશ - પ્રતિમા
દીકરી જમાઈ : સ્વ. નમીતા (નેહા) સમીરકુમાર શાહ
ડો. હેતલ ગૌરાંગ શાનબાગ
નણંદ-નણદોઈ : સ્વ. ગુણવંતીબેન કાંતિલાલ શેઠ (પાલીતાણા)
દીનુબેન નરેન્દ્રકુમાર દોશી (દેવળીયા)
ભારતીબેન ભરતકુમાર શાહ (ભાવનગર)
પૌત્ર-પૌત્રી : રૂહી, આર્યવીર
દોહીત્ર : સાર્થક, આદીત્ય, ઈશય
પિયર પક્ષ : મહુવાવાળા બાબુલાલ વનમાળીદાસ ભવાનભાઈ

તારાબેન છોટાલાલ હરીચંદ શાહ પરિવાર
સેફકેસ ફાયર સર્વીસીસ લી. પરિવાર

દશા મેવાડા વણિક અવસાન



દિલગીરી સાથે જણાવવાનું કે, મારા પતિશ્રી
નિખીલ નટવરલાલ જરીવાલા
તા.02.12.2021 ને ગુરુવારનાં રોજ દુ:ખદ અવસાન થયેલ છે. પ્રભુ તેમનાં પવિત્ર આત્માને ચિર શાંતિ અર્પે.
સદ્‌ગતની પ્રાર્થના સભા
તા.05-12.2021 ને રવિવારનાં સાંજે 4 થી 6 દરમિયાન
યોગી સભાગૃહ
(ગ્રાઉન્ડ ફ્લોર), સ્વામિનારાયણ મંદિરની પાછળ, કોહિનૂર રોડ, દાદર (ઈસ્ટ), મુંબઈ-400014 રાખેલ છે.
પત્ની: દિવ્યા નિખીલ જરીવાલા
પુત્ર-પુત્ર વધુ: શૌનક - સ્નેહલ
પુત્રી-જમાઈ: દેવાંશી - સ્વ. અમિષ જલુંધવાળા, ગોપિકા - જોન કફારો
પૌત્ર: આર્ય અમિષ જલુંધવાળા
મો. નં. 7738000412

સદા તમારી યાદમાં
પ્રથમ પુણ્યતિથીએ
સ્મરણાંજલી- શ્રદ્ધાંજલી-પુષ્પાંજલી



શ્રી જિતેન્દ્રભાઇ પુનમચંદ દોશી
(વલ્લભીપુરવાળા)
જન્મપર્વ : ૧૬-૦૨-૧૯૫૦ દેહોત્સર્ગ : કારતક વદ ૦)) (૧૪-૧૨-૨૦૨૦)

આપની ગુરૂભક્તિ, પરોપકારની ભાવના,
પ્રેમાળ સ્વભાવ, કુટુંબ વાત્સલ્યતા, સહનશીલતા
અમારા માટે પ્રેરણાદાયક બની રહેશે,
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એવી પ્રાર્થના...

સ્મૃતિથકી સદાય આપના સાંનિધ્યમાં

માતુશ્રી વિમળાબેન
પુનમચંદ વિઠ્ઠલદાસ દોશી પરિવાર
(વલ્લભીપુરવાળા)

USD
UNIQUE SHANTI DEVELOPERS

PRANAV